ફોજદારી કેસ નં.૫૮૦૦૫/૨૦૨૨

-:: આંક-૧ નીચે હુકમ ::-

સદર કામે ફરીયાદી તથા આરોપીએ કોર્ટ સમક્ષ હાજર રહી સદર કામે સમાધાન થઈ ગયેલ હોવાની હકીકત જણાવી આંક : ૬ થી સદર કામમાં સમાધાન કરવા પરવાનગી આપવાની પુરશીસ રજુ રાખેલ છે. જે લગત હુકમ કરી સમાધાન કરવા પરવાનગી આપવામાં આવેલ છે. તેમજ આંક-૭ થી સમાધાન પુરશીશી રજુ રાખેલ છે. તેમજ આ કામે કેસનુ રેકર્ડ જોતા આરોપી ઉપર ઈ.પી.કો. કલમ-૪૦૬ મુજબના ગુનાનો આક્ષેપ છે જે ક્રિમી.પ્રો.કોડની કલમ-૩૨૦(૨)ની જોગવાઈ મુજબ પરવાનગીથી સમાધાનપાત્ર છે. આમ, પક્ષકારો વચ્ચે સ્વેચ્છાએ સમાધાન થઈ ગયેલ હોય સદર સમાધાન મંજુર કરી આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૨૦(૮) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયીક રહેશે તેવુ જણાય આવે છે. આમ, આંક-૭ થી રજુ સમાધાન પુરશીશ મંજુર રાખી આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૩૨૦(૮) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવા યોગ્ય અને ન્યાયી જણાઈ આવતુ હોઈ, હાલના કામે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૯/૦૯/૨૦૩ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તારીખ : ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ : સુરત.

(કુ.જીગ્નાશાબેન માણેકલાલ ગજ્જર)
પાંચમા એડી.ચીફ. જ્યુડી. મેજીસ્ટ્રેટ
સુરત.
જીજે૦૦૯૨૧